# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ - ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નંબર વિ.શાખા "એ" સેક્શન-૪૨/ ૨૦૨૦

**હુકમ** :

અમદાવાદ શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધુમપુર્વક મનાવવામાં આવે છે. અમદાવાદ શહેરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૨/૮/૨૦૨૦ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. જયારે સરઘસ અને શોભાયાત્રા સાથે શ્રીજીની પ્રતિમાઓનુ વિસર્જન તા.૧/૯/૨૦૨૦ ના રોજ થનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખના દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. આ મહોત્સવ અગાઉ મુર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મુર્તિઓના કદ બાબતે ઉંચાઇનુ યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી વિર્સજન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવાની શકયતા રહે છે. તેમજ મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે તે સુનિશ્ચિત કરવુ જરૂરી છે. ઉપરાંત મુર્તિ બનાવવા માટે કેમિકલ યુકત રંગોના ઉપયોગ થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવાના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણીજન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઇડલાઇન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા વખતો-વખતના ઠરાવો અને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઇડ લાઇનને ધ્યાને રાખવી જરૂરી છે.

તેમજ હાલમાં વિશ્વમાં કોવિડ-૧૯ મહામારી ફેલાયેલ હોય દેશમાં અનલોક-3 જાહેર કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં કોરોના વાયરસના કારણે સંક્રમણના વધુ કેસો થયેલ છે. કોરોના સંક્રમણને અતકાવવા સારૂ જે અંગે ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના જાહેરનામા ક્રમાંક: 40-3/2020-DM-I(A), તા.૨૯/૭/૨૦૨૦ સમગ્ર દેશમાં CLUSTER CONTAINMANT ZONES વિસ્તારોમાં સદર લોકડાઉન તા.૧/૮/૨૦૨૦ થી તા.૩૧/૮/૨૦૨૦ સુધી વધારવા માટે અને ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક:જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨/૨૦૨૦ તા.૩૧/૭/૨૦૨૦ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામા હેઠળ અમદાવાદ શહેરમાં અનલોક-3 દરમ્યાનનુ કોઇપણ જાતના સામાજીક કે ધાર્મિક કાર્યક્રમો, સામાજીક મેળાવડા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. અને સદર તહેવારની ઉજવણી દરમ્યાન આ બાબતોને ધ્યાને રાખી અમદાવાદ શહેરની જનતાની શાંતિ અને સલામતી જળવાઇ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

પર્યાવરણ (એન્વાયરન્મેન્ટ પ્રોટેકશન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના પત્ર નં. ENV-10-2010-1004-E તા.૨૬/૭/૨૦૧૦ ની સુચના અનુસાર નામદાર ગુજરાત હાઇકોર્ટ તેમજ મહારાષ્ટ્ર હાઇકોર્ટની સુચનાથી આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુક્શાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલાં લેવા જરૂરી જણાય છે.

હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફ.ક.અ./૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

:હુકમ:

અમદાવાદ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૧/૮/૨૦૨૦ ના ક.૦૦/૦૦ થી તા.૨/૯/૨૦૨૦ ના ક.૨૪/૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**" પ્રતિબંધિત કૃત્યો "**

1. શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની "૦૨" (બે) ફુટ કરતા વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા ઉપર.
2. શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિઓ અને ફાયબરની મુર્તિઓ વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર.
3. મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે. તે
જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફિકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા ઉપર.
4. શ્રી ગણેશજીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મુર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.
5. કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની વાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા અને સ્થાપના કરવા ઉપર.
6. મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.
7. કોઇપણ જાહેર સ્થળ પર કે સામુહિક રીતે સોસાયટી, મહોલ્લાના રહીશો કે મંડળો દ્વારા જાહેરમાં શ્રી ગણપતિની મુર્તિની સ્થાપના કરવા ઉપર.
8. શ્રી ગણપતિની મુર્તિની સ્થાપના માટે જાહેરમાં મંડપ, પંડાલ કે અન્ય કોઇ હંગામી સ્ટ્રકચર ઉભુ કરવા ઉપર તેમજ મુર્તિ સ્થાપના કે ધાર્મિક વિધી માટે લાઉડ સ્પીકર કે ડી.જે.નો ઉપયોગ કરવા ઉપર.
9. શ્રી ગણપતિની મુર્તિનુ વિસર્જન કુદરતી પાણીના સ્ત્રોત જેવા કે, નદી, તળાવ, ઓવારા, નાળા, નહેરમાં કરવા ઉપર તેમજ વહીવટીતંત્ર દ્વારા કૃત્રિમ ઓવારા કે મુર્તિ સ્વીકાર કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે નહિ જેથી આ સ્થળોએ વિસર્જન કરવા ઉપર.

10. શ્રી ગણપતિની મુર્તિની સ્થાપના અને વિસર્જન ઉપર જાહેરમાં કોઇ ધાર્મિક, સામાજીક કે સાંસ્કૃતિક કાર્યક્રમ, શોભાયાત્રા કે વિસર્જન યાત્રા કરવા ઉપર.
11. શ્રી ગણપતિ મુર્તિની ધાર્મિક પૂજા વિધી બાદ જાહેરમાં રસ્તા ઉપર કે અન્ય કોઇ સ્થળે બિનવારસી રીતે મુકવા ઉપર, જાહેરમાં મુર્તિ કે પૂજા વિધીના સામાનને ફેકીને ગંદકી કરવા ઉપર.
12. ઘર આંગણે મુર્તિની સ્થાપના કે ધાર્મિક કાર્યક્રમોમાં કોઇ જાતિ કે ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવુ કોઇ કૃત્ય કરવા ઉપર.

**: સુચનો :**

1. ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના જાહેરનામા ક્રમાંક: 40-3/2020-DM-I(A), તા.૨૯/૭/૨૦૨૦ થી આપવામાં આવેલ માર્ગદર્શિકાનુ સંપુર્ણપણે પાલન કરવાનુ રહેશે.
2. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક:જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ /૨૦૨૦ તા.૩૧/૭/૨૦૨૦ થી આપવામાં આવેલ માર્ગદર્શિકાનુ સંપુર્ણપણે પાલન કરવાનુ રહેશે.
3. ઉપરોકત જાહેરનામાંથી તમામ પ્રકારના ધાર્મિક, સામાજીક, રાજકીય, સાંસ્કૃતિક, મનોરંજન, શૈક્ષણિક અને રમત-ગમતના હેતુઓ માટેના કાર્યક્રમો અને જાહેર મેળાવડા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.
4. શ્રી ગણપતિની મુર્તિની સ્થાપના જાહેરમાં નહિ કરતા લોકો પોત-પોતાના ઘરે મુર્તિની સ્થાપના કરવી તેમજ પૂજા-અર્ચના કે અન્ય ધાર્મિક વિધી પોત-પોતાના ઘરે કરવી.
5. આ વર્ષે મહાનગરપાલીકા કે જીલ્લા વહીવટતંત્ર દ્વારા શ્રીજી મુર્તિના વિસર્જન સારૂ કોઇપણ પ્રકારના કૃત્રિમ તળાવ કે ઓવારા બનાવવામાં આવનાર નથી.
6. ભગવાનશ્રી ગણપતિની ૦૨ ફુટની બેઠક સહિતના ઉંચાઇની માટીની મુર્તિની સ્થાપના ઘરમાં જ કરવી અને દરેક લોકોએ સ્થાપના કરેલ મુર્તિનુ વિસર્જન ફરજીયાત પોત-પોતાના ઘરે કરવાનુ રહેશે.
7. શ્રી ગણપતિની ફકત નિયત ઉંચાઇની માટીની મુર્તિ સ્થાપના કરવા અપીલ કરવામાં આવે છે. જેથી ઘર આંગણે મુર્તિનુ વિસર્જન કરી શકાય.
8. પોત-પોતાના નિવાસ સ્થાને કે ઘરે વ્યકતિગત રીતે શ્રી ગણપતિજીની મુર્તિની સ્થાપના, ધાર્મિક વિધી અને ઘર આંગણે મુર્તિના વિસર્જન માટે કોઇ પરવાનગી મેળવવાની આવશ્યકતા નથી. જાહેરમાં મુર્તિની સ્થાપના, ધાર્મિક વિધી કે વિસર્જન પ્રતિબંધિત હોય અત્રેથી કોઇ પરવાનગી આપવામાં આવશે નહિ. જેથી તમામ નાગરીકોને આ અંગે પરવાનગી મેળવવા અરજી ન કરવા અને માર્ગદર્શિકાનુ ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.
9. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સંવેદનશીલ વ્યકતિઓ જેવા કે, ૬૫ વર્ષથી વધારે ઉંમરના વ્યકતિઓ, કોઇપણ પ્રકારની માંદગી/બિમારી ધરાવતા વ્યકતિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને બિનજરૂરી અને અનિવાર્ય તબીબી કારણો સિવાય ઘરમાં જ રહેવા અપીલ કરવામાં આવે છે.
10. જાહેર રસ્તા ઉપર કોઇ વ્યકતિ થુંકીને કે અન્ય રીતે ગંદકી કરવી કે ગંદકી ફેલાવવી નહિ.
11. સરકારશ્રીના જાહેરનામાં અનુસંધાને તમામ વ્યકતિઓએ જાહેરમાં ફરજીયાત માસ્ક પહેરવાનુ રહેશે.

12. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સોશિયલ ડીસન્ટસીંગના નિયમોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

13. કોઇ એક સ્થળે ભીડ ભાડ કરી વધુ વ્યકતિઓ એક સાથે ભેગા થય શકશે નહી.તેમજ દરેક વ્યકતિઓએ "દો ગજ કી દુરી " બિનચુકે જાળવવાની રહેશે.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓનો પત્ર નંબર ENV-10-2010-1004-E તા.૨૬/૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચના તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૯/૫/૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૮/૨૦૧૫ ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો અમદાવાદ શહેરમાં બહારથી ગણેશજીની મુર્તિઓ લાવી વેચતા મુર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકતિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો.કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ, આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તા.૧૦/ઓગસ્ટ/૨૦૨૦ ના રોજ મારી સહીં અને સિક્કો કરી આપેલ છે

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

પ્રતિ,

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, ટ્રાફિક, મુખ્ય મથક અમદાવાદ શહેર

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ અમદાવાદ શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ અમદાવાદ શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ અમદાવાદ શહેર.

(૫) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ( નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, અમદાવાદ શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક એક નકલ આપવી)

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૫) પોલીસ કમિશ્નરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૧૮) જનસંપર્ક અધિકારીશ્રી, સ્થાનિક વર્તમાન પત્રો,આકાશવાણી , દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂ.

(૧૯) પો.ઇન્સ.શ્રી રેલ્વે, એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.

(૨૦) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૧) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે

(૨૨) PRO, CP Ahmedabad website, Twitter Handle, Facebook Page

વિગેરે સોશિયલ મિડીયા ઉપર પ્રસિધ્ધ થવા બાબત.